# ગઝલ

## સંદીપ પુજારા

### (1)

તમે માનો છો જેવું, સાવ એવું પણ નથી હોતું,
ન આવે અંત જેનો, ક્યાંય એવું રણ નથી હોતું.

જીવન સાથે તમારે ઠામકું સગપણ નથી હોતું,
જો તમને જીંદગીમાં કોઈપણ વળગણ નથી હોતું.

શું એની ભવ્યતા છે, જાણવા ભીતર જવું પડશે,
હૃદય નામે હવેલીને કોઈ આંગણ નથી હોતું.

ગમે તેવી હો મોટી તોય, એ ખુશીઓ રડાવે છે;
જો એને વહેંચવાને એક ગમતું જણ નથી હોતું.

ને એનું આગમન પણ કષ્ટદાયક એટલે લાગે,
જીવનમાં દુ:ખને માટે ક્યાંય આરક્ષણ નથી હોતું.

### (2)

પરસ્પર એકબીજાનું હમેશાં ધ્યાન રાખ્યું છે,
સમયનું મેં, તો ક્યારેક એણે મારું માન રાખ્યું છે.

‘ગીતા’ રાખું છું ને, ત્યાં બાજુમાં ‘કુરાન’ રાખ્યું છે,
હૃદયમાં એમ આખેઆખું ‘હીન્દુસ્તાન’ રાખ્યું છે.

પ્રણયના ગ્રંથ લખનારે લખી છે વાત અધુરી, ને
તમારી આંખમાં, એનું અનુસંધાન રાખ્યું છે.

કરે છે દાન એનું; પણ ખરું સોનું બનાવીને;
મેં નામ એ દીકરીના બાપનું ‘ભગવાન’ રાખ્યું છે

ચલાવું છું હું જે, એ નાવમાં મીત્રોય બેઠા છે;
બસ, એ કારણથી મારા હાથમાં સુકાન રાખ્યું છે.

## (3)

એવા તે કયા રોગમાં પટકાઈ રહ્યું છે?
આખુંય જગત રાત’દી પીડાઈ રહ્યું છે!

શસ્ત્રોની હરીફાઈથી સમજાઈ રહ્યું છે;
જે ચીત્ર હતું શાંતીનું, ખરડાઈ રહ્યું છે.

ખર્ચાઈ, વીતાવાઈ કે વેચાઈ રહ્યું છે;
જીવન જે મળ્યું, કોઈથી જીવાઈ રહ્યું છે?

જ્યાં છે જરુરી, ત્યાં તો નથી રાખતું કોઈ;
મંદીરમાં, મન ઈશ્વરનુંયે મુંઝાઈ રહ્યું છે!

દરરોજ જે વધતી રહે બે માનવી વચ્ચે,
કારણ તો એ ખાઈનું ‘અદેખાઈ’ રહ્યું છે.

આવ્યું નથી તન પર હજી મૃત્યુ એ અલગ છે,
ભીતરથી તો એ ક્યારનું પડઘાઈ રહ્યું છે.

**(4)**

ડેલીએ સાંકળ દઈને જેવો હું પાછો ફર્યો,
એટલામાં તો પ્રતીક્ષાએ તરત બળવો કર્યો.

મોટો – મોટો કહી બધાએ ખોટો એને છાવર્યો,
મોટો છે, તો કઈ રીતે દરીયો મેં આંખોમાં ભર્યો ?

ઝેર તો પીવે ઘણા, પણ મેં અલગ રીતે પીધું,
યાદ, શ્વાસોમાં ભરીને શ્વાસે શ્વાસે હું મર્યો.

કોણ છે અહીં ચાહવા જેવું ? મેં ઈશ્વરને પુછ્યું :
એટલું પુછતા જ એણે આયનો સામે ધર્યો

આવડત પણ ઠાંસી ઠાંસીને ભરી છે લોકમાં,
'ખોટો સીક્કો' કહી મને બેફામ સૌએ વાપર્યો.

**(5)**

ના, એવું કંઈ નથી કે ફકત કાન આપું છું,
પાગલની વાત પર તો પુરું ધ્યાન આપું છું.

હોવા છતાંય આપું ન ઉત્તર જો કોઈને,
સમજી લો, એના પ્રશ્નને બહુ માન આપું છું.

ચોંકાવવા બધાને, એ મારો સ્વભાવ છે;
દુશ્મન મળે તો જોઈને મુસકાન આપું છું.

ઘેરી વળી છે શુષ્કતા, મેં એટલું કીધું;
એણે કહ્યું, લે, આંસુઓનું દાન આપું છું.

શંકા છે મારી શ્રદ્ધા ઉપર જેમને સતત,
મારી દુઆમાં એમને પણ સ્થાન આપું છું.

ઈશ્વરને પ્રેમનું જ બીજું રુપ માનો તો;
ચાહે મને જે, એમને ભગવાન આપું છું.

**(6)**

ભલે કરો ન એ જાહેર, ખાનગી તો કરો?
કરો છો આંસુઓનું મુલ્ય, વાજબી તો કરો!

ચલો, આ છેલ્લો અભીનય છે, બે ઘડી તો કરો!
હૃદય કહે છે પ્રણય છે, 'નથી, નથી' તો કરો!

મેં સ્મીત સાથે સ્વીકારી તમારી અવગણના,
જરા પ્રશંસા હવે આ સ્વભાવની તો કરો!

સહન કરી શકું સઘળું, આ તરફડાટ નહીં;
સજા જ કરવી છે, તો એકસામટી તો કરો!

તમેય સાથે રડો, એવું ઈચ્છતો જ નથી
કરો છો રંજ જે, એમાં બરાબરી તો કરો!

## (7)

રમું છું 'દાવ ઉપ્પર દાવ' હું જેના ભરોસા પર,
રહે છે ગેરહાજર એ જ કાયમ ખાસ મોકા પર.

હું એવા માણસોને જોઈને પણ દુર ભાગું છું;
સતત લઈને ફરે જે દર્દનું અખબાર મોઢા પર.

સમાયા છે એ આંખોમાં, બીજું સપનુંય શું આવે?
વરખ ચાંદીનો લાગે નહીં, કદી ચકચકતા સોના પર!

કોઈના હોઠની તુલના કરી મેં એમની સાથે,
પ્રતીબંધીત થયો છું ત્યારથી ફુલોના જોવા પર

મનોમન ચાર ફેરા મેં 'ગઝલ' સાથે ફરી લઈને,
લગાવી છે ચબરખી જીંદગીની ખાલી ખોખા પર.

## (8)

આમ તો દરીયાની વચ્ચે લીધા છેલ્લા શ્વાસ, પણ;
પોસ્ટ મોર્ટમ જો કરો, તો આવે એમાં પ્યાસ પણ.

માન્યું કે સોને મળ્યો છે આપણો ઈતીહાસ, પણ;
આજ એનો સહેજ સરખો ક્યાં રહ્યો છે ભાસ પણ!

આમ એ કહેતી, નથી ઉદ્દેશ કોઈ ખાસ, પણ;
કંઈક વેળા મળવા માટે છોડી દેતી તાસ પણ.

રોજ એ તો આવીને ઉભી રહે છે પાસ, પણ;
જીંદગીનો તોય ક્યાં કાઢી શકાયો ક્યાસ પણ!

ઠાઠ એનાં સૌ સ્મરણનો શેઠ જેવો હોય છે,
આવે ત્યારે સાથે લાવે આંસુ નામે દાસ પણ.

**(9)**

ઘટતી ગઈ સમજ ને વળી ઝંખના વધી,
તારી ને મારી એટલે તો વેદના વધી.

દીવસે વધી, ને એથી વધુ રાતના વધી,
એવું બન્યું નથી કે કદી પ્યાસ ના વધી.

મંદીર, ને મુર્તીઓની બધે સ્થાપના વધી,
કોઈ જગાએ કોઈ દીવસ પ્રાર્થના વધી?

વધતું રહ્યું બધું છતાં પણ કેમ ના વધી?
માણસ ઉપર તમારી પ્રભુ! ધાક ના વધી!

એ જો વધી, તો ચોપડે સરકારનાં વધી,
ઘરમાં ગરીબનાં, કોઈ પણ યોજના વધી?

એના સીવાય કોઈ બીજી ચાહ, ના વધી,
બસ, એ પછી જ જીંદગીની ચાહના વધી.

**(10)**

ધરા પરના સૌ પ્રદેશો, તું જીતી શકે નીરંતર,
જો હૃદય જીતે કોઈનું, તો કહું ખરો સીકંદર.

નથી એવું કે, પુરાવો એ સદાય પીને આપે,
જે બીજાને વીષ ન આપે; છે હવે તો એય શંકર.

ન એ રંગ–રુપ જુએ, ન તો મોહ સ્વાદનો પણ,
જો તરસ હશે જુની તો, શું નદી કે શું સમંદર!

જો એ છે, તો પૃથ્વી પર છે, કોઈ માનવી સ્વરુપે;
હજી ક્યાં ખબર છે પાક્કી, હશે સ્વર્ગમાંય ઈશ્વર!

તું ઈમારતો ચણાવે, હું ઈરાદા રાખું ઉંચા,
હવે એય જોઈ લઈએ કે મળે છે કોને અંબર!

**(11)**

ચાહવાનો સ્વભાવ મોંઘો પડ્યો,
એક સાચો લગાવ મોંઘો પડ્યો.

નહોતું કંઈ અણબનાવ જેવું પણ;
એટલો બસ, બનાવ મોંઘો પડ્યો.

જેણે જોયા, ઈલાજ કરતા ગયા,
માત્ર અદશ્ય ઘાવ મોંઘો પડ્યો.

હારની તો ગણતરી રાખી હતી,
તોય એ છેલ્લો દાવ મોંઘો પડ્યો.

પાણી પહેલા જ પાળ બાંધીને,
મેં કરેલો બચાવ મોંઘો પડ્યો.

એ ગયા, ને વળી સરળતાથી!
ચહેરા પરનો ઉઠાવ મોંઘો પડ્યો.

મારી રીતે જીવી શક્યો નહીં, ને
એમનો પણ સુઝાવ, મોંઘો પડ્યો.

**(12)**

નાનકડો ગુનો મોટા સમાચાર ગણાશે,
ત્યારે જ તો ભયમુક્ત આ સંસાર ગણાશે.

જો તારી ગઝલ દર્દનો ઉપચાર ગણાશે,
*બસ, એ જ ઘડીથી તું કલાકાર ગણાશે*

ક્યાં, કેટલા ને કોણે કર્યા વાર, ગણાશે?
અઢળક છે સ્મરણ, બધ્ધા ગુનેગાર ગણાશે.

કર ગર્જના, અસ્તીત્વનો આધાર ગણાશે,
નહીંતર તું ગઈકાલનું અખબાર ગણાશે.

જો સુખ લઈને સુખ ધરે, વહેવાર ગણાશે
પણ દુ:ખ લઈને સુખ ધરે, એ પ્યાર ગણાશે

ના સુર્ય કે ના ચંદ્રની એ હાર ગણાશે
હો બંધ નયન, એટલે અંધાર ગણાશે

સંદીપ પુજારા

(*તરહી પંક્તી : ગૌરાંગ ઠાકર*)

@@@

કવીસમ્પર્ક:

સંદીપ બી. પુજારા, 202-અક્ષત ફ્લેટ્સ, 31-વીહાર સોસાયટી-1, વાળીનાથ ચોક, વેડ રોડ,
સુરત-395 004. eMail: spujara19@gmail.com Mobile : 9773293821
Facebook: https://www.facebook.com/sandip.pujara
BLOG : https://spujara.wordpress.com/

@@@

'સન્ડે ઈ.મહેફીલ'ના આ અંકના અતીથી સમ્પાદકો સુરતના યુવાગઝલકારો ભાઈ
શ્રી ગૌરાંગ ઠાકર – (gaurang_charu@yahoo.com) અને ભાઈ શ્રી સુનીલ શાહ
(sunilshah101@gmail.com)નો ખુબ ખુબ આભાર..

@@@

'સન્ડે ઈ.મહેફીલ'- વર્ષ : સોળમું - અંક : 463- October 11, 2020

'ઉંઝાજોડણી'માં :અક્ષરાંકન સુનીલ શાહ - sunilshah101@gmail.com

@@@

Have you ever visited : http://www.gujaratilexicon.com ?

More than 3,97,80,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 1,79,28,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 11,27,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 13,53,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com

@@@@@@@@@